## સુરત મહાનગરપાલિકાની તા.૨૯–૬–૨૦૧૮ ના રોજ મળેલ માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૨૨/૨૦૧૮ થી ભલામણ કર્યા મુજબ, શહેરના જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખી ધી બોમ્બે નર્સીગ હોમ રજીસ્ટ્રેશન એકટ, ૧૯૪૯ નો અમલ સુરત મહાનગરપાલિકાએ કરવો જરૂરી હોય નવેસરથી પેટા નિયમો બનાવી ઠરાવ કરાવી સરકારશ્રીમાં મંજુરી અર્થે દરખાસ્ત મોકલવી જરૂરી છે જેથી સુરત શહેર વિસ્તાર માટે ધી બોમ્બે નર્સીગ હોમ રજીસ્ટ્રેશન એકટ, ૧૯૪૯ હેઠળ નીચે પરિશિષ્ટ–૧ મુજબના પેટા નિયમો, તે કામે પરિશિષ્ટ–૨ મુજબના દર લાગુ પાડવાનું અને વિવાદ, દંડનીય, કાયદેસરની કાર્યવાહી જેવી બાબતે પરિશિષ્ટ–૩ મુજબની કમિટિનું ગઠન કરવાનું અને તે તમામમાં જરૂર જણાય તે સુધારા–વધારા કરવાની સત્તા મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને સુપ્રત કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

પરિશિષ્ટ–૧

**અન્ય કાયદા હેઠળ ઘડવામાં આવેલા પેટા કાયદાઓ**

પ્રકરણ : ૧

ધી મુંબઈ નર્સીગ હોમ્સ રજીસ્ટ્રેશન એકટ ૧૯૪૯ ના ભાગ–૧૭ અને ૧૮
અન્વયે ઘડવામાં આવેલ પેટા કાયદાઓ
(બી.એલ.એસ.–૧૨૪)

ગવર્નમેન્ટ ઓફ બોમ્બે, લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ અને જાહેર આરોગ્ય વિભાગે તેઓના પત્ર નં. એન.એચ.એમ./૧૦૫૩/૮૧૦૨–એચ તા.૯ મી ઓકટોબર ૧૯૫૩ થી નીચેની વિગતે પેટા કાયદો કે જે ધી બોમ્બે નર્સીગ હોમ રજીસ્ટ્રેશન એકટ, ૧૯૪૯ ની કલમ– ૧૭ મુજબ સમાવેશ કરેલ છે, અને તે પ્રમાણે નીચેની વિગતે પેટા કાયદાઓ સુરત મહાનગરપાલિકાએ ઘડેલા છે.

**ભાગ–૧૭**

| | | |
|---|---|---|
| ૧ | ટૂંકુ શિર્ષક | આ પેટા કાયદો સુરત શહેરના નર્સીગ હોમ રજીસ્ટ્રેશન પેટા કાયદાઓ કહેવાશે. |
| ૨. | વ્યાપ્તિ | આ પેટા કાયદાઓનો વ્યાપ સુરત શહેરની મહાનગરપાલિકાની હદ માટે વખતો વખત મુંબઈ પ્રાંત મ્યુનિસિપલ કોર્પોરેશન કાયદા–૧૯૪૯ હેઠળ ઠરાવ્યા મુજબ રહેશે. |
| ૩. | વ્યાખ્યા | આ પેટા કાયદાઓમાં વિષય અથવા સંદર્ભ ઉપરથી કંઈ પણ બાધ આવતો હોય તે સિવાય. |

૧. ''કાયદો' એટલે ધી બોમ્બે નર્સીગ હોમ્સ રજીસ્ટ્રેશન એકટ–૧૯૪૯.

૨. 'ચેપી રોગ' એટલે કે રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનરોએ આરોગ્ય અધિકારીને વખતો વખત અમલમાં આવતા કાયદાને આધિન જાણ કરવાની રહે તેવો રોગ.

| | | |
|---|---|---|
| | | ૩. નર્સીગ હોમના કીપર(રખેવાળ) એટલે કે સુરત મહાનગરપાલિકાના કમિશ્નર અથવા તેવા બીજા અધિકારી કે જેને મ્યુ.કમિશ્નર તરીકેની સત્તા ધી બોમ્બે પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ હેઠળ આ હેતુ માટે સત્તા સોંપવામાં આવી હોય, તેના દ્વારા નોંધણી થયેલ વ્યકિત અને આ કાયદાના સેકશન–૭ મુજબ જેની નોંધણી રદ કરવામાં આવી ન હોય તેવી વ્યકિત. |
| ૪. | દર્દીઓ અથવા નર્સીગ હોમમાં જન્મેલ બાળકની નોંધણીના દફતર | ૧. નર્સીગ હોમના કીપરે નીચેની વિગતે.<br>A. નર્સીગ હોમમાં આવેલ દર્દીઓનું રજીસ્ટર આ પેટા કાયદાની સાથે જોડેલ ફોર્મ પ્રમાણે તૈયાર કરવું.<br>B. નર્સીગ હોમમાં દાખલ થયેલ દર્દીઓની નામની કકાવારી પ્રમાણે સાચી અનુક્રમણિકા (ઈન્ડેક્ષ) બનાવવી.<br>C. દરેક દર્દી કે જેઓ ગંભીર બિમારીમાં પટકાયા હોય તેની રોજેરોજની સ્વાસ્થ્ય અંગેની નોંધ રાખવી.<br>D. દરેક સ્ત્રીઓ કે જેમને નર્સીગ હોમમાં પ્રસુતિ માટે દાખલ કરેલ હોય અને નર્સીગ હોમમાં દાખલ થયેલ સ્ત્રીઓના જન્મેલ દરેક બાળકના સ્વાસ્થ્ય અંગેની નોંધ.<br>E. બીજા દર્દીઓના સ્વાસ્થ્ય અંગેની અઠવાડિક નોંધ.<br>F. નર્સિંગહોમ ખાતે આવેલ દર્દીઓ માટે નિયમ કે આદેશ મુજબ મુકરર થયેલ તમામ રેકોર્ડ રાખવાનો રહેશે અને નર્સિંગ હોમમાં બનેલ કસુવાવડ, ગર્ભપાત કે મૃતજન્મના બનેલ બનાવોના કિસ્સાઓમાં અને ત્યાં જન્મેલ બાળકો તેમજ ત્યાં જન્મેલ બાળકોને આપવામાં આવેલ રજા ઉપરાંત, આ નિયમ હેઠળ આ બાળકોની દેખભાળ કે હવાલો અથવા કાળજી રાખનાર કોઈપણ માતાપિતા, વાલી અથવા સગાસબંધીઓનો તમામ રેકોર્ડ રાખવાનો રહેશે.<br>G. વખતોવખત સ્થાનિક આરોગ્ય સત્તાધિશોને આરોગ્યને લગતી જરૂરી /જણાવવામાં આવે તે તમામ માહિતી પુરી પાડવાની રહેશે.<br>૨. જયારે પેટા નિયમ–૧ માં કલોઝ(એ) મુજબ, પ્રસૂતિ માટે દાખલ થયેલ સ્ત્રી સબંધી રજીસ્ટર રાખવામાં આવ્યું હોય ત્યારે આ સ્ત્રીને જન્મેલા બાળકને નર્સીગ હોમના કીપર તથા પ્રસુતા માતાની સંમતિથી બાળકના પિતા અથવા અન્ય નજીકના સગા સિવાયની અન્ય વ્યકિતની દેખભાળમાં સોંપવામાં આવે ત્યારે નર્સીગ હોમ કીપરએ પેટાનિયમ (૧) માં જણાવ્યા ઉપરાંત વધારામાં જેની દેખરેખમાં આવા બાળકને સોંપવામાં આવ્યુ હોય તે વ્યકિતનું પુરૂ નામ–સરનામું અને બાળકને તેના કબજામાં સોંપ્યાની તારીખની નોંધ રજીસ્ટરમાં રાખવાની રહેશે. |
| ૫. | નર્સીગ હોમમાં થયેલ મૃત્યુની જાણ કરવા બાબત. | ૧. જો નર્સીગ હોમમાં કોઈ પણ મૃત્યુ થાય તો નર્સીગ હોમકીપરે મૃત્યુ થયાના ૨૪ કલાકની અંદર આવા મૃત્યુની જાણ નર્સીગ હોમ જે વિસ્તારમાં આવ્યું હોય તે વિસ્તાર જે જન્મ–મરણ નોંધણી અધિકારીના કાર્યક્ષેત્રમાં આવતો હોય તે અધિકારીને ખબર કરવી. |

૨. આ ખબર પોસ્ટથી અથવા કોઈ પણ અસરકારક રીતે મળે એ રીતે મોકલવી.

૩. આ નોટીસમાં જન્મ અને મરણ અને લગ્ન નોંધણી કાયદા ૧૮૮૬ (૧૮૮૬ ના ૬) અને તેના નિયમોને આધિન આવી વિગતો હોવી જોઈએ.

૪. નર્સીગ હોમમાં દાખલ થયેલ દર્દીનું મૃત્યુ થયેલ હોય અને મૃત્યુના કિસ્સામાં ન્યાયિક તપાસ કરવામાં આવી હોય તો ન્યાયિક તપાસના અંતિમ તારણ પર આવ્યાના ૨૪ કલાકની અંદર નર્સીગ હોમના કિપરે મ્યુ.કમિશ્નર અથવા તો ધી બી.પી.એમ. સી.એકટ –૧૯૪૯ હેઠળ જેને સત્તા આપવામાં આવી હોય તેવા બીજા અધિકારીને નીચેની વિગતો સમાયેલ હોય તે રીતે જાણ કરવી.

   ૧ ન્યાયિક તપાસની તારીખ.

   ૨ સત્તાધિકારીને માલુમ પડેલ મૃત્યુનું કારણ કે જેના માટે ન્યાયિક તપાસ કરવામાં આવી હોય.

૫. નર્સિંગહોમ ખાતે થયેલ મરણના કોઈપણ બનાવ માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત રહેશે.

૬. દંડ

આ કાયદા હેઠળ સક્ષમ અધિકારી દ્વારા તૈયાર કરવામાં આવેલ કોઈપણ પેટા નિયમના ભંગ/ઉલ્લંઘન બાબતે નીચે જણાવ્યા પ્રમાણે શિક્ષા ફરમાવી શકશે.

A. રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) સુધીનો દંડ

B. રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) સુધીનો દંડ અને આ પેટા નિયમનો ભંગ /ઉલ્લંઘન ચાલુ રાખવા બદલ પ્રતિદિન રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) મુજબનો વધારાનો દંડ જયાં સુધી તેઓએ પ્રથમ વખત આ કાયદાનો ભંગ/ઉલ્લંઘન કર્યો છે તે માટે તેઓ ગુનેગાર હોવાનો ચુકાદો આવે ત્યાં સુધીનો દંડ.

C. જે વ્યકિત દ્વારા આ પેટા નિયમનો વિરોધ/પ્રતિરોધ કરવામાં આવે તો તેને ઉપર મુજબ, આ પેટા નિયમનો સતત ભંગ/ઉલ્લંઘન કરવા બદલ સક્ષમ અધિકારી તરફથી પાઠવવામાં આવેલ નોટીસ મળ્યા તારીખથી અને કાયદાનો ભંગ/ઉલ્લંઘન કરવાનું બંધ કરવામાં આવે ત્યાં સુધી પ્રતિદિન રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) મુજબનો દંડ.

૭. કોર્ટ ફરિયાદ

આ પેટા કાયદો /નિયમો/કાયદાનો ભંગ અંગે સુરતની જયુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(મ્યુનિસિપલ) કોર્ટમાં ફરીયાદ દાખલ કરી શકાશે.

૮ રજીસ્ટ્રેશન/નવીનીકરણ

A. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારના તમામ, ડીસ્પેન્સરી, હોસ્પિટલ, નર્સીગ હોમના રજીસ્ટ્રેશન માટે અરજદારે નોંધણી અને નોંધણી/નવીનીકરણ કરવા માટે નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.

B. આ બાયલોઝ અસ્તિત્વમાં આવતા અગાઉના હયાત હોસ્પિટલ, નર્સીગ હોમના રજીસ્ટ્રેશન બાયલોઝ અસ્તિત્વમાં આવ્યા તારીખથી એક માસની અંદર કરાવવાનું રહેશે અને નવું એસ્ટાબ્લીશમેન્ટ સ્થાપતા અગાઉ તેનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત રહેશે.

c. હોસ્પિટલ, નર્સીગ હોમની રજીસ્ટ્રેશન/નવીનીકરણ ફી **<u>પરિશિષ્ટ–૨</u>** ઉપર સામેલ છે.

૯ તમામ હોસ્પિટલ, નર્સીગ હોમ વિગેરે જે આ અધિનિયમ હેઠળ રજીસ્ટર્ડ થાય, તેઓએ **ધી બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ–૨૦૧૬નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.**

૧૦ જયાં સુધી (રાજય) સરકાર તરફથી પેટા નિયમોને હદ કે મર્યાદામાં રાખવા અંગે કોઈપણ સુધારા/ફેરફાર કરવામાં આવે કે ન કરવામાં આવે ત્યાં સુધી સક્ષમ અધિકારી દ્વારા કોઈ પેટા નિયમો અમલમાં આવશે નહીં.

૧૧ આ ભાગ હેઠળ તૈયાર કરવામાં આવેલ તમામ પેટા નિયમોને અધિકૃત સમાચારપત્રોમાં પ્રસિધ્ધ કરી શકાશે.

## <u>ભાગ–૧૮</u>

**આ કાયદા /અધિનિયમ હેઠળ નીચે જણાવેલ સંસ્થાઓ માટે કોઈપણ વિગત લાગુ પડશે નહીં.**

૧. સરકાર દ્વારા ચલાવવામાં આવતા નર્સિંગહોમ અથવા (રાજય) સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ સ્થાનિક કાયદેસર સત્તાધિશ અથવા વ્યકિતઓના ગઠનના અન્ય જુથ.

૨. ગાડાંઘેલા કે પાગલના કોઈપણ અનાથાશ્રમ / શરણાલય અથવા ભારતીય પાગલપણા / ઘેલછા / ઉન્માદ કાયદા –૧૯૧૨ હેઠળની ભાષામાં આવતા માનસિક બિમારીથી પીડાતા દર્દીઓ.

આ પેટા કાયદાઓ રાજપત્રમાં પ્રસિધ્ધ થયાના દિવસથી અમલમાં આવશે.

## <u>પરિશિષ્ટ–૨</u>

**સુરત મહાનગરપાલિકા**
**આરોગ્ય વિભાગ, મુખ્ય કચેરી**

## The Bombay Nursing Home Registration Act, 1949

**અનુસાર સુરત શહેરમાં આવેલ તમામ નર્સિંગ હોમ/હોસ્પિટલોના રજીસ્ટ્રેશન માટે વિવિધ દર અંગેની માહિતી**

| અ.નં. | રજીસ્ટ્રેશન ફોર્મ | નકકી કરેલ દર રૂા. |
|---|---|---|
| ૧. | ફોર્મ–બી | 100/- |
| ૨. | ડુપ્લીકેટ "સી" ફોર્મ સર્ટીફિકેટ | 500/- |

## લેઈટ ફીના દર

| અ.નં. | સમયગાળો | નકકી કરેલ લેઈટ ફી રૂા. |
|---|---|---|
| ૧. | તા.૧ મે થી તા.૩૦ સપ્ટેમ્બર સુધી | નકકી કરેલ રીન્યુઅલ ફીના ૨૦% |
| ૨. | તા.૧ ઓકટોબર થી તા.૩૦ એપ્રિલ સુધી | નકકી કરેલ રીન્યુઅલ ફીના ૪૦% |
| ૩. | ૦૧(એક) વર્ષ પછી | નકકી કરેલ રજીસ્ટ્રેશન પ્રમાણેની પુરી ફી |

## નર્સિંગ હોમ / હોસ્પિટલ રજીસ્ટ્રેશન માટે એક વર્ષ માટેનો દર રૂા.

| અ.નં. | રજીસ્ટ્રેશન | ૧–૧૦ પથારી સુધી | ૧૧–૨૫ પથારી સુધી | ૨૬–૫૦ પથારી સુધી | ૫૧ પથારીથી ઉપર |
|---|---|---|---|---|---|
| ૧. | નવા રજીસ્ટ્રેશન માટેનો દર | 2500/- | 4500/- | 7500/- | 25000/- |
| ૨. | રીન્યુઅલ રજીસ્ટ્રેશન માટેનો દર | 1250/- | 2250/- | 3750/- | 12500/- |
| ૩. | લેઈટ ફી ૨૦% સાથે રીન્યુઅલ ચાર્જ (તા.૧ મે થી તા.૩૦ સપ્ટેમ્બર સુધી ) | 1500/- | 2700/- | 4500/- | 15000/- |
| ૪. | લેઈટ ફી ૪૦% સાથે રીન્યુઅલ ચાર્જ (તા.૧ ઓકટોબર થી તા.૩૦ એપ્રિલ સુધી) | 1750/- | 3150/- | 5250/- | 17500/- |

## નર્સિંગ હોમ / હોસ્પિટલ રજીસ્ટ્રેશન માટે પાંચ વર્ષ માટેનો દર રૂા.

| અ.નં. | રજીસ્ટ્રેશન | ૧–૧૦ પથારી સુધી | ૧૧–૨૫ પથારી સુધી | ૨૬–૫૦ પથારી સુધી | ૫૧ પથારીથી ઉપર |
|---|---|---|---|---|---|
| ૧. | રીન્યુઅલ રજીસ્ટ્રેશન માટેનો દર | 6250/- | 11250/- | 18750/- | 62500/- |
| ૨. | લેઈટ ફી ૨૦% સાથે રીન્યુઅલ ચાર્જ ( તા.૧ મે થી તા.૩૦ સપ્ટેમ્બર સુધી ) | 7500/- | 13500/- | 22500/- | 75000/- |
| ૩. | લેઈટ ફી ૪૦% સાથે રીન્યુઅલ ચાર્જ (તા.૧ ઓકટોબર થી તા.૩૦ એપ્રિલ સુધી) | 8750/- | 15750/- | 26250/- | 87500/- |

## લેબોરેટરી/રેડીયો ડાયાગ્નોસીસ સેન્ટર રજીસ્ટ્રેશન માટેના દર

| અ.નં. | રજીસ્ટ્રેશન | રજીસ્ટ્રેશન માટે એક વર્ષ માટેનો દર રૂા. | રજીસ્ટ્રેશન માટે પાંચ વર્ષ માટેનો દર રૂા. |
|---|---|---|---|
| ૧. | નવા રજીસ્ટ્રેશન માટેનો દર | 2500/- | 12500/- |
| ૨. | રીન્યુઅલ રજીસ્ટ્રેશન માટેનો દર | 1250/- | 6250/- |
| ૩. | લેઈટ ફી ૨૦% સાથે રીન્યુઅલ ચાર્જ ( તા.૧ મે થી તા.૩૦ સપ્ટેમ્બર સુધી ) | 1500/- | 7500/- |
| ૪. | લેઈટ ફી ૪૦% સાથે રીન્યુઅલ ચાર્જ (તા.૧ ઓકટોબર થી તા.૩૦ એપ્રિલ સુધી) | 1750/- | 8750/- |

નોંધઃ–

1. રીન્યુઅલ ફી જે તે વર્ષના માર્ચની ૧૫ થી એપ્રિલની ૩૦ તારીખ સુધી લેવામાં આવશે.

2. ત્યારબાદ લેઈટ ફી સાથે એક વર્ષ સુધી રીન્યુઅલ કરવામાં આવશે.

3. વધુમાં વધુ એક સાથે પાંચ વર્ષ સુધી માટે રજીસ્ટ્રેશન કરી શકાશે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

પરિશિષ્ટ–૩

આરોગ્ય ખાતુ–મુખ્ય કચેરી
સુરત મહાનગરપાલિકા

*The Bombay Nursing Home Registration Act,1949* ના અમલીકરણ અર્થે સુરત શહેરમાં આવેલ તમામ નર્સિંગહોમ/હોસ્પિટલોના રજીસ્ટ્રેશન દરમ્યાન ઉપસ્થિત થનાર વિવાદ, દંડનીય, કાયદેસરની કાર્યવાહી જેવી બાબતો માટે નીચે મુજબ કમિટીનું ગઠન કરવામાં આવે છે.

| અ.નં. | સંસ્થા | હોદ્દો |
|---|---|---|
| ૧. | ડે. મ્યુનિસિપલ કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) | અધ્યક્ષશ્રી |
| ૨. | આરોગ્ય અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૩. | અધ્યક્ષશ્રી, રૂગ્ણાલયો વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ | હોદ્દાની રૂએ સભ્યશ્રી |
| ૪. | મેડીકલ સુપ્રિ.(સ્મીમેર)શ્રી | સભ્યશ્રી |
| ૫. | નાયબ આરોગ્ય અધિકારીશ્રી વેકશીનેશન બ્રાંચ | સભ્યશ્રી |
| ૬. | મેડીકલ ઓફીસરશ્રી(વર્ગ–૧) કુટુંબ કલ્યાણ બ્યુરો | સભ્યશ્રી |
| ૭. | પ્રમુખ/સેક્રેટરી ઈન્ડીયન મેડીકલ એસોસીએશન..........(સુરત ચેપ્ટર) | સભ્યશ્રી |
| ૮. | પ્રમુખ/સેક્રેટરી ફેમીલી ફીઝીશીયન એસોસીએશન........(સુરત ચેપ્ટર) | સભ્યશ્રી |
| ૯. | પ્રમુખ/સેક્રેટરી ઈન્ડીયન એસો. ઓફ પીડીયાટ્રીશયન.....(સુરત ચેપ્ટર) | સભ્યશ્રી |
| ૧૦. | પ્રમુખ/સેક્રેટરી FOGSI એસોસીએશન..................(સુરત ચેપ્ટર) | સભ્યશ્રી |

કમિશનર,
સુરત મહાનગરપાલિકા

# ફોર્મ – "બી"

*અનુ.નંબર–* *રૂપિયા–*

ધી બોમ્બે નર્સીંગ હોમ્સ નોંધણી કાયદો ૧૯૪૯ ની કલમ–૫ મુજબ નોંધણી / નવીનીકરણ કરવા માટેની અરજી (જુઓ નિયમ ૪ અને ૬)

| અ.નં. | વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરેપુરું નામ | |
| ૨ | અરજદારનું રહેઠાણનું પુરેપુરુ સરનામું ટેલીફોન નંબર | |
| ૩ | અરજદારની ટેકનીકલ લાયકાત જો કોઈ હોય તો | |
| ૪ | અરજદારની રાષ્ટ્રીયતા | |
| ૫ | નોંધણી થઈ તે કંપની /મંડળ અથવા બીજી સહકારી સંસ્થાની મુખ્ય કચેરીનું સરનામું | |
| ૬ | નર્સીંગ હોમનું નામ અને બીજી વિગતો કે જેની નોંધણી માટે અરજી કરી હોય | |
| ૭ | નર્સીંગ હોમ જયાં આવેલ હોય તેનું સ્થળ ટેલીફોન નંબર | |
| ૮ | નર્સીંગ હોમ તથા નર્સીંગ હોમના ઉપયોગમાં લેવાની મિલ્કતના બાંધકામનું તેમજ સાધનોનું ટુંકુ વર્ણન | |
| ૯ | નર્સીંગ હોમ કે નર્સીંગ હોમ સાથે સંકળાયેલ મકાન સંદર્ભે આ મિલ્કતોને બીજા કામમાં વાપરવામાં આવે છે કે કેમ ? | |
| ૧૦ | બાયોમેડીકલ વેસ્ટ હેન્ડલીંગ એન્ડ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ હેઠળ અરજદારે ઓથોરાઈઝેશન મેળવેલ છે કે કેમ ?<br>જો હા – ઓથોરાઈઝેશન નંબર જણાવવો.<br>જો ના – અરજદારે આ માટે અરજી કરેલ છે કે કેમ ?<br>અરજીની નકલ સામેલ કરવી. | હા / ના |
| ૧૧ | ૧. પ્રસુતિ માટેના દર્દીની પથારીની સંખ્યા.<br>૨. બીજા દર્દીઓની પથારીની સંખ્યા. | |
| ૧૨ | નર્સીંગ હોમમાં કામ કરતા નર્સીંગ સ્ટાફના સભ્યોના નામ, ઉંમર અને શૈક્ષણિક લાયકાત. | |

| અ.નં. | વિગત | જવાબ |
|---|---|---|
| ૧૩ | નર્સીંગ સ્ટાફને જે જગ્યાએ રાખવામાં આવ્યા હોય તે સ્થળની વિગત. | |
| ૧૪ | નર્સીંગ હોમના નિવાસી તથા બિનનિવાસી ફીઝીશીયન અને સર્જનના નામ, ઉંમર અને લાયકાતની વિગત. | |
| ૧૫ | નર્સીંગ હોમમાં બીજા કોઈ રાષ્ટ્રીયતા ધરાવતી વ્યકિતની નિમણુંક કરેલ છે, અને જો હા તો તેનું નામ અને બીજી માહિતી. | |
| ૧૬ | અરજદાર બીજી કોઈ નર્સીંગ હોમમાં અથવા ધંધામાં હિસ્સો ધરાવે છે અને જો હા તો તે નર્સીંગ હોમ કયા સ્થળે આવેલ છે, અથવા કઈ જગ્યાએ ધંધો કરે છે, તેની વિગત. | |
| ૧૭ | નોંધણી પ્રમાણપત્રનો નંબર અને મુદત પુરી થયાની તારીખ | |

હું સોગંદપૂર્વક જણાવું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ તથા માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તારીખઃ                                                  અરજદારની સહી

જો અરજી કંપની, સોસાયટી, એસોસીએશન અથવા બીજી કોઈ સહકારી સંસ્થાના નામે કરેલ હોય તો તેના વહીવટ કરનાર વ્યકિતનું નામ અને રહેવાનું સરનામું આપી કંપની સોસાયટી–એસોસીએશન, સહકારી સંસ્થાએ નીચેની વિગતે દસ્તાવેજો અરજી સાથે જોડવા.

1. મેડીકલ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ
2. ડીગ્રી સર્ટીફીકેટ.
3. નર્સીંગ હોમના સ્થળનો પુરાવો.
    - જેમ કે લાઈટબીલ, વેરાબીલ, વપરાશમાં લેવાતાં મકાનની રજાચિઠ્ઠી, ટેલીફોન બીલ.

# ફોર્મ–"ક"

**ધી બોમ્બે નર્સીંગ હોમ્સ રજીસ્ટ્રેશન એકટ–૧૯૪૯ (જુઓ નિયમ–૫) મુજબ નોંધણી પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી /શ્રીમતી ........................................................ ની ધી બોમ્બે નર્સીંગ હોમ રજીસ્ટ્રેશન એકટ–૧૯૪૯ હેઠળ .................................. (અહીં નર્સીંગ હોમનું નામ જણાવવું) કે જે ...................................................ખાતે આવેલ છે. તેની નોંધણી કરવામાં આવેલ છે તેમજ તે નર્સીંગ હોમ ચલાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

નોંધણી નંબર :

નોંધણી તારીખ :

સ્થળ :

પ્રમાણપત્ર આપ્યાની તારીખ :

આ નોંધણી પ્રમાણપત્ર ૩૧ માર્ચ, ........... સુધી માન્ય ગણાશે.

ડે.કમિશનર(હેલ્થ અને હોસ્પિટલ)
સુરત મહાનગરપાલિકા

આથી મુંબઈ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમની કલમ ૪૫૫(૨) અન્વયે સદર પેટા કાયદા રજીસ્ટ્રેશન અંગે ફીનું ધોરણ–અરજીપત્રક રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા
તા. – –૨૦

કમિશનર
સુરત મહાનગરપાલિકા

## ઠરાવ નં.૨૩૦/૨૦૧૮ સર્વાનુમતે મંજુર.

========================================

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

**સે ક્રે ટ રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા. –૭–૨૦૧૮.**

નકલ સવિનય રવાના :– અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ.